જય અંબે પરિવારની ૩૪મી અંબાજી પદયાત્રાનું ૩૧મીએ પ્રસ્થાન

આ વર્ષે ૨૫૦ જેટલા ભાવિકો બોલ મારી અંબે.. જય જય અંબે..ના જયઘોષ સાથે અંબાજી જવા પ્રયાણ કરશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના જાણીતા એવા જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા સતત ૩૪માં વર્ષે અંબાજી પદયાત્રા સંઘનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના ૨૫૦થી વધુ ભાવિકો બોલ મારી અંબે.. જય જય અંબે.. ના જયઘોષ સાથે અંબાજી જવા પ્રયાણ કરશે.

શ્રી જયઅંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા આ વર્ષે ભાદરવા સુદ-૪ બુધવારને ૩૧ ઓગસ્ટે આ સંઘ સેકટર-૧૩/બીમાંથી અંબાજી જવા પ્રયાણ કરશે. જય અંબે પરિવાર દ્વારા ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક રચનાત્મક ક્ષેત્રે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે પ્રતિવર્ષ ભાદરવા માસમાં ગાંધીનગરથી અંબાજીની પદયાત્રાનું જગત જનની મા જગદંબાની કૃપાદ્રષ્ટિ અને પદયાત્રીઓના અનેરા ઉમંગના સથવારે આયોજન કરવામાં આવે છે. આ પદયાત્રામાં બાધા અર્થે સૌથી વધુ શ્રધ્ધાળુઓ જોડાતા હોય છે. આ પદયાત્રા ૩૧મીએ સે-૧૩માંથી પ્રસ્થાન કરશે. યાત્રા સંઘ ખ-રોડ ઉપર ખ-૭થી ક-૭ ઉપર થઈ બોલ માડી અંબે.. જય જય અંબે..ના બુલંદ જયઘોષ સાથે ધરતી ફાર્મ રાંધેજા ખાતે ભોજન પ્રસાદ ગ્રહણ કરી બપોરનો વિસામો કરશે. ત્યારબાદ આ સંઘ દેવીપુરા, ઉમતા, શાહપુરા કંપા તથા દાંતા મુકામે રાત્રી રોકાણ કરશે અને ગોઝારિયા, વિસનગર, ડભોડા, અડેરણ મુકામે બપોરનો વિશ્રામ કરશે અને પાંચમી સપ્ટેમ્બરના રોજ સવારે અંબાજી મુકામે પહોંચશે ત્યાં વિશ્રામ કરીને તા.૬ઠ્ઠીએ મા જગદંબાના મંદિરે ધજા અર્પણ અને દર્શનનો લહાવો લેવામાં આવનાર છે. ત્યારબાદ બપોરે ઉજવણી કરી ગાંધીનગર પરત ફરશે. આ સંઘમાં પદયાત્રીઓ માટે તમામ સુવિધાઓ કરવામાં આવે છે. પદયાત્રાના પ્રારંભકાળથી ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી કૃષ્ણકાંત જહા દ્વારા પદયાત્રાના પ્રસ્થાન સમયે માતાજીની પૂજા અને મહાઆરતી કરીને શુકનવંતા શ્રીફળના અમી છાંટણા કરાવી પદયાત્રીઓને શ્રધ્ધાસભર શુભેચ્છા વિદાય આપવામાં આવે છે.

આજે આઈઆઈટી ગાંધીનગર ખાતે ડો. માર્શલ ગોલ્ડસ્મિથનું વકતવ્ય

આઇએનસી મેગેઝિન ફેઇમ એક્ઝિક્યુટિવ કોચ ડો. માર્શલ ગોલ્ડસ્મિથનો વિશ્વના ટોચના દસ બિઝનેસ થિંકર્સમાં સમાવેશ થાય છે : આઇઆઇટી બહારના દર્શકો માટે પણ સેશન ઓપન

ગાંધીનગર, તા.૨૫

આઈએનસી મેગેઝિન ફેઈમ એક્ઝિક્યુટિવ કોચ ડૉ. માર્શલ ગોલ્ડસ્મિથનો વિશ્વના ટોચના દસ બિઝનેસ થિંકર્સમાં સમાવેશ થાય છે : આઈઆઈટી બહારના દર્શકો માટે પણ સેશન ઓપના ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ગાંધીનગર ખાતે તા.૨૬ ઓગસ્ટના રોજ, શુક્રવાર, સાંજે ૪.૩૦ વાગ્યે અમેરિકાના આઈએનસી મેગેઝિન ફેઈમ એક્ઝિક્યુટિવ કોચ અને બિઝનેસ લીડરશીપમાં ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ ધરાવતા ડૉ. માર્શલ ગોલ્ડસ્મિથનું આગમન થવા જઈ રહ્યું છે. કાર્યક્રમમાં તેઓ તમે લીડ કરી શકો છો' પરના ઈન્ટરેક્ટિવ સત્ર દરમિયાન ઉપસ્થિત પ્રેક્ષકો સાથે વાર્ત?ાલાપ કરશે અને નેતૃત્વના કેટલાક નોંધપાત્ર પાસાઓ પર તેમની આંતરદૃષ્ટિ શે'ર કરશે. આઈઆઈટી દ્વારા ગાંધીનગર અને અમદાવાદની આસપાસના યુવાનો અને વ્યક્તિઓના લાભાર્થે ઈન્ટરેક્ટિવ સેશન બહારના દર્શકો માટે પણ આ સેશન ઓપન રાખવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. માર્શલ ગોલ્ડસ્મિથને વિશ્વના ટોચના દસ બિઝનેસ થિંકર્સમાંના એક અને ટોચના રેટિંગ એક્ઝિક્યુટિવ એજ્યુકેટર અને કોચ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ ૩૬ પુસ્તકોના લેખક અથવા સંપાદક છે, જેમાં ત્રણ ન્યૂયોર્ક ટાઈમ્સના બેસ્ટ સેલરનો સમાવેશ થાય છે. લગભગ ૪૦ વર્ષના અનુભવ સાથે, ડૉ. ગોલ્ડસ્મિથ વર્તણૂકીય પરિવર્તન માટે નેતૃત્વ અને કોચિંગના અગ્રણી નિષ્ણાત છે, જે લોકોને તેમની માન્યતાઓ અને તેઓ જે વાતાવરણમાં કાર્ય કરે છે તે કેવી રીતે નકારાત્મક વર્તનને ઉત્તેજિત કરી શકે છે તે સમજવામાં મદદ કરે છે. ગોલ્ડસ્મિથ પ્રેક્ષકોને સરળ અને વ્યવહારુ સલાહ દ્વારા હકારાત્મક વર્તણૂકીય પરિવર્તન પ્રાપ્ત કરવામાં અને ટકાવી રાખવામાં મદદ થશે.

એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલમાં સામાજીક વિજ્ઞાન અંતર્ગત સહ અભ્યાસિક પ્રવૃત્તિનું આયોજન

ગાંધીનગર,તા.૨૫

એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાના ધોરણ ૮ના સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગ રૂપે તા.૨૪-૦૮-૨૦૨૨ના રોજ દેશને આઝાદી અપાવનાર સ્વાતંત્ર્ય સેનાની અને શહીદ વીરોના ધોરણ ૮ની વિદ્યાર્થીની બહેનો દ્વારા એકપાત્રિય અભિનય કરવામાં આવ્યો હતો આ પ્રવૃત્તિ અંગે શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈએ માર્ગદર્શન આપ્યુ હતુ. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીની બહેનોને શાળાના આચાર્ય નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓને સ્વાતંત્ર્ય દિન નિમિત્તે બિરદાવી તેમને પ્રોત્સાહન આપવામાં આવે છે. પાટનગર યોજના ભવનના કર્મયોગી વર્ક આસિસટન્ટ નવીનભાઈ કે. પ્રજાપતિને તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રશસ્તિપત્ર આપીને બિરદાવવામાં આવ્યા હતા. સહ કર્મીઓ, ઉચ્ચ અધિકારીઓ અને મિત્રોએ તેમને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

વણઝારા સમાજ દ્વારા ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે સ્નેહમિલન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પરંપરાગત પાઘ પહેરાવી અભિવાદન કરાયું

ગાંધીનગર,તા.૨૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ગુજરાતનો જે વિકાસ થયો છે, તે સૌની નજર સામે છે અને એટલે જ ગુજરાતની જનતાના પ્રેમ-આશીર્વાદ પાછલા બે દાયકાથી ગુજરાતની ભાજપા સરકારને મળી રહ્યા છે. ગુજરાત વણઝારા સમાજનું સ્નેહમિલન ગાંધીનગર ખાતે યોજાયું હતું. સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીનું પરંપરાગત પાઘ પહેરાવી વણઝારા સમાજના અગ્રણીઓએ સ્વાગત કર્યું હતું. રાજ્યના વિવિધ સમાજવર્ગો સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સ્નેહમિલનની આજે વધુ એક કડી સંપન્ન થઈ હતી તેમાં સમગ્ર ગુજરાતના વણઝારા સમાજના લોકો સહભાગી થયા હતા. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત ભારતમાં સૌથી વધુ ફાઈનાન્શિયલી સ્ટ્રોંગ-આર્થિક રીતે મજબૂત રાજ્ય છે. પરિણામે આ વર્ષે ટીમ ગુજરાતે રાજ્યના ઈતિહાસનું સૌથી મોટું બજેટ આપ્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારની વિકાસ નીતિ-રીતિ કોઈ એક સમાજ પૂરતી સીમિત હોતી નથી. સરકારે દરેક સમાજની ચિંતા કરવાની હોય છે. તમામ સમાજના ઉત્કર્ષ માટે પ્રયાસરત રહેવાનું હોય છે.

છેલ્લા એક વર્ષમાં ટીમ ગુજરાતે સૌના સાથ – સૌના વિકાસનું સૂત્ર સાર્થક કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાજ્ય સરકારે વિચરતી અને વિમુક્ત જાતિઓના કલ્યાણ માટે જે પગલાં લીધાં છે તે સર્વવિદિત છે. વિચરતી-વિમુક્ત જાતિના સરનામાં વગરના માનવીઓને સરકારે માથે કાયમી છત-પાકા મકાન, અને જમીનની સનદ આપી છે, આ જાતિનાં બાળકો-વિદ્યાર્થીઓને ભણવામાં મદદ કરવા સરકારે હોસ્ટેલ પણ બનાવી છે.

દેશની પ્રથમ પ્રાકૃતિક કૃષિ અને જૈવિક કૃષિ યુનિવર્સિટી નવી કૃષિ ક્રાંતિનું પ્રેરણા કેન્દ્ર બનશે : રાજ્યપાલશ્રી

હાલોલ તાલુકાના જાંબુડી ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે દેશની સર્વપ્રથમ રૂ. ૧૪૫ કરોડના ખર્ચે નવ નિર્માણ પામનાર પ્રાકૃતિક અને સેન્દ્રીય કૃષિ વિશ્વવિદ્યાલયનું કરાયું ખાતમુર્હુત

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે દેશની પ્રથમ એવી પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટીના નિર્માણ થનારા ભવનનો શિલાન્યાસ કરતા જણાવ્યું હતું કે ગુજરાતની પાવન ધરા પર સ્થપાયેલી દેશની પ્રથમ પ્રાકૃતિક કૃષિ અને જૈવિક કૃષિ યુનિવર્સિટી નવી કૃષિ ક્રાંતિનું પ્રેરણા કેન્દ્ર બનશે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીને ખેતરે ખેતરે પહોંચાડવાના સંકલ્પને સાકાર કરવા આ યુનિવર્સિટી માઈલસ્ટોન સાબિત થશે તેમ જણાવ્યું હતું. તેમને જણાવ્યું હતું કે દેશની પ્રથમ એવી આ પ્રાકૃતિક કૃષિ અને જૈવિક કૃષિ યુનિવર્સિટીની માત્ર દેશ માટે નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, સંસ્કૃત યુનિવર્સિટી જેવી વિવિધ સેક્ટોરીયલ યુનિવર્સિટીની સ્થાપના કરી વિકાસને નવી દિશા આપી છે. આ જ રીતે પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતમાં ઓર્ગેનિક કૃષિ ક્રાંતિ માટે ઓર્ગેનિક યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. આજ યુનિવર્સિટીની સાથે હવે રાજ્ય સરકારે પ્રાકૃતિક કૃષિને જોડીને ગુજરાતમાં દેશની પ્રથમ પ્રાકૃતિક કૃષિ અને જૈવિક કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. જેનાથી ગુજરાતમાં જ નહીં દેશભરમાં પ્રાકૃતિક કૃષિને નવી ઊર્જા અને નવો વેગ મળશે. રાજ્યપાલશ્રીએ કહ્યું કે આ યુનિવર્સિટીના નવનિર્માણથી પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે, શિક્ષણ સંશોધન અને વિસ્તરણની પરિણામલક્ષી કામગીરી થશે તેઓ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આનાથી દેશભરના ખેડૂતોને માર્ગદર્શન મળી રહેશે. તેમણે કહ્યું કે આઝાદી બાદ પંતનગર કૃષિ યુનિવર્સિટી ખાતેથી હરિત ક્રાંતિની શરૂઆત થઈ હતી એ જ રીતે આજના શુભ પ્રસંગથી ગુજરાતની પાવન ધરા પરથી પ્રાકૃતિક કૃષિની નવી ક્રાંતિના શ્રી ગણેશ થઈ રહ્યા છે. રાજ્યપાલશ્રીએ આ શિલાન્યાસ સમારોહમાં ચારેય વેદના સ્વસ્તી મંત્રોનું પઠન કરી કલ્યાણ ભાવના વ્યક્ત કરી હતી અને તમામને શુભકામનાઓ પાઠવી હતી.

ગાંધીનગર-સરખેજ રૂટની એસટી બસોને ગ-૦ ખાતે બસસ્ટોપ આપવા માંગ

ગ-૦ બસ સ્ટોપ ના હોવાથી સે.૩ ન્યુ, સે.૪ અને સે.૫ સહિત આરટીઓ કચેરીના કર્મચારીઓને હાલાકી : શહેરી તેમજ ગ્રામ્ય બસ સેવાનું "આરટીઓ" નામથી સ્ટોપ આપવા માંગણ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરથી સરખેજ રૂટ ઉપર એસ ટી નિગમ દ્વારા અનેક બસો દોડાવવામાં આવે છે પરંતુ આ રૂટમાં ગ-૦ ખાતે બસ સ્ટોપ આપવામાં આવ્યું નથી જેના પરિણામે નજીકના સેકટરો જેવાંકે સે.૩ ન્યુ, સે.૪ અને સે.૫ના રોજિંદા અપડાઉન કરનારા સહિતના મુસાફરોને ખાનગી ભાડાના વાહનમાં વધુ ખર્ચ સાથે જોખમી મુસાફરી કરીને અવરજવર કરવી પડે છે તેમજ અહીં આરટીઓ કચેરી પણ આવેલી છે જેના કર્મચારીઓને પણ આ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. વળી, આ સ્થિતિમાં જાહેર રજાના દિવસો તહેવારો કે રાત્રિના સમયે મહિલા બાળકો અને સિનિયર સિટિઝનને આ મુસાફરી અત્યંત ત્રાસદાયક તેમજ જોખમી બને છે તેવી રજુઆત કરતા સે.૩ ન્યુ વસાહત મંડળ દ્વારા ગ-૦ ખાતે ગાંધીનગર સરખેજ રૂટની તમામ એસ ટી બસનું "આરટીઓ" નામથી સ્ટોપ આપવા માંગણી કરવામાં આવી છે. સે.૩ ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાએ તેમની ગાંધીનગર એસટી ડેપો મેનેજરને કરેલી લેખિત રજુઆતમાં સમર્થનમાં જણાવ્યું છે કે "સે.૩ન્યુ, ૪ અને ૫ના વસાહતીઓ અને તેમના સંતાનોને નોકરી, ધંધા, વ્યવસાય તેમજ અભ્યાસ વખતે આ રૂટ ઉપર રોજ મુસાફરી કરવાની થાય છે અને આ સેકટરોમાં આંતરિક વાહન વ્યવહારને કોઈ સગવડ નથી તેથી સેક્ટરની બહાર જવા-આવવા માટે પણ ઓટો રિક્ષા મળવી પણ મુશ્કેલ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છ તરફ આવવા જવા તથા સાણંદ, બાવળા, બગોદરા, વિરમગામ, ધોળકા ધંધુકા, દસ્ક્રોઈ, અસલાલી અને તે રીતે ઉત્તર ગુજરાત તરફની મુસાફરી માટે પણ આ રૂટનો ઉપયોગ કરવામાં આવે છે. ગ-૦ પાસે નવી આરટીઓ કચેરી કાર્યરત છે આ કચેરી ખાતે ગાંધીનગર સહિત અન્ય જિલ્લાના નાગરિકો પણ અવરજવર કરે છે. નવ સેક્ટરની શહેરી બસ સેવામાં સે.૨૮-૨૯થી ઘ-૦ સુધીના રૂટમાં દર અડધા કિલોમીટરે સ્ટોપ આપવામાં આવ્યું છે પરંતુ ઘ-૦થી સરગાસણ ચોકડી વચ્ચેના ૨ કીમીથી વધુના રૂટમાં કોઈ સ્ટોપ આપવામાં આવ્યું નથી માત્ર મહાનગરપાલિકા દ્વારા ચલાવવામાં આવતી સિટી બસ સેવામાં ગાંધીનગર-ચાંદખેડા રૂટની બસોને "આરટીઓ" નામથી સ્ટોપ આપીને કંડકટરના ટિકિટોનો સમાવેશ કરાયો છે. આ બાબતોને અનુલક્ષીને એસટી નિગમ દ્વારા પણ ગાંધીનગર-સરખેજ રૂટની શહેરી બસ સેવા તેમજ ગ્રામ્ય વિસ્તારની બસ સેવાને પણ ગ-૦ ખાતે "આરટીઓ" નામથી સ્ટોપ આપવામાંઆવેતોઆવિસ્તારની મુસાફર જનતાને રાહત થાય તેમજ જોખમી ત્રાસરૂપ મુસાફરીથી તેમનો છુટકારોથાય તેમછે.

આપનું નવું રેપ સોંગ "સૌના દિલનો એક જ અવાજ.. ધક ધક.."

ગાંધીનગર, તા. ૨૫

અર્વાચીન સંગીતની દુનિયામાં રેપ સોંગની ખૂબ બોલબાલા છે અને નવી પેઢી રેપ સોંગ્સ પાછળ દિવાની છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગાંધીનગરના આમ આદમી પાર્ટીના યુવા નેતા ડો.હાર્દિક તલાટી દ્વારા "ધક ધક" નામનું રેપ સોંગ તૈયાર કરવામાં આવ્યું છે જેમાં આડકતરી રીતે ભાજપ સરકાર પર પ્રહારો કરવા સાથે આપ પાર્ટીના હાલના પ્રચાર એજન્ડાને પણ સારી રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે જે ગીત પાર્ટીના અગ્રણી નેતાઓથી માંડીને કાર્યકરોને પસંદ પડી રહ્યું છે. આજે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે આમ આદમી પાર્ટીનું સદસ્યતા અભિયાન યોજાયું હતું જેમાં ઉપસ્થિત પાર્ટીના પ્રદેશ નેતા ઈસુદાન ગઢવીના હસ્તે તેનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ રેપ સોંગના શબ્દો પણ ડો.હાર્દિક તલાટી દ્વારા જ લખવામાં આવ્યાં છે જેમાં "સૌના દિલનો એક જ અવાજ, હું માંગુ છું મારો હક ધક ધક.. હવે તું બાજુ હટ હવે તો તુ જપ.. છોડ હવે તું તારી હઠ, ઘણું કર્યું તે હડપ" જેવા શબ્દો સાથે ભાજપ અને કોંગ્રેસ પર નિશાન સાધવા પ્રયાસ કરાયો છે. આ ગીતમાં વીજળી, શિક્ષણ, આરોગ્ય સુવિધા, રોજગાર અને મોંઘવારી જેવા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યાં છે. આ ગીતને અમદાવાદના ચેહર સ્ટુડિયોમાં રેકોર્ડ કરાયું છે.

સ્વ.જયંતિલાલ બારોટની ૮૦મી જન્મ જયંતિએ સેવા કાર્યો થકી સ્મરણાંજલી

ગાંધીનગર, તા. ૨૫

ભારતીય ધર્મ શાસ્ત્રો અનુસાર માનવીનો દેહ નશ્વર છે પરંતુ તેના કર્મો જ તેની ઓળખ છે અને માનવીના સત્કર્મોની સુવાસ તેના મૃત્યુ પછી પણ અજરઅમર રહે છે. ગાંધીનગરના એક એવા કર્મયોગી જેમણે રાજકારણમાં રહીને તેને સમાજસેવાનું ઉત્તમ સાધન બનાવી જનહિતના અનેક કાર્યો થકી લોકહૃદયમાં સ્થાન મેળવ્યું હતું તેવા સ્વ.જયંતિલાલ સીતારામ બારોટનું જીવન એક ગૌરવપૂર્ણ સફર સમાન બની રહ્યું હતું. બુધવારે તેમની ૮૦મી જન્મજયંતિ હતી અને આ પ્રસંગને તેમના આદર્શો અનુસાર જ તેમના પરિવારજનો દ્વારા સેવાકીય કાર્યો થકી ઉજવીને તેમને સાચી સ્મરણાંજલી સમર્પિત કરી હતી. સ્વ.જયંતિલાલ બારોટની ૮૦મી જન્મજયંતિ નિમિત્તે તેમના સુપુત્ર ભારત સેવા કેન્દ્રના સ્થાપક તરૂણભાઈ બારોટ અને પરિવારજનો દ્વારા જરૂરિયાતમંદ વૃદ્ધો, બાળકો અને અસહાય દિવ્યાંગો માટે ભોજન કરાવીને તેમના સ્વર્ગસ્થ પિતાશ્રીના કર્મયજ્ઞને પ્રજવલ્લિત રાખ્યો હતો.